**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૪ ટકા



ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા વોર્ડ નં-૯ ના સેકટર ૨ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બનીને છોડનું રોપણ કર્યું હતું. આ અવસરે મેયર એ સૌને માત્ર વૃક્ષારોપણ નહિ પણ તેની સાથે તેનું જતન અને પ્રકૃતિના સંરક્ષણની જવાબદારી નિભાવવા અનુરોધ કર્યો હતો. આ દરમિયાન ધારાસભ્ય રીટાબેન પટેલ, કાઉન્સિલર ડૉ. સંકેતભાઈ પંચાસરા, રાજુભાઈ પટેલ, શૈલાબેન ત્રિવેદી, સંગઠનના હોદ્દેદારો તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ તેમના મતવિસ્તાર વોર્ડ નં-૮ સમાવિષ્ટ સેકટર- ૪ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બનીને છોડનું રોપણ કર્યું હતું. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે વૃક્ષો સાથે માનવ જીવનનો અતુટ સાથ છે, ત્યારે આવો આપણે સૌ પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરીને આ વિશ્વાસને વધુ મજબુત બનાવીએ. આ દરમિયાન કાઉન્સિલર આર.આર. પટેલ, વોર્ડના હોદ્દેદારો, આગેવાનો તેમજ સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.



શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર ૨૧ ખાતે અધિક માસ શ્રાવણ સુદ-૪ને સોમવારે સતઘરા મનોરથના દર્શન યોજાયા હતાં.

## સરસ્વતી વિદ્યાલય ખાતે પ્લાસ્ટિકમુક્ત અભિયાન



ગાંધીનગર, તા. ૨૪

સરસ્વતી વિદ્યાલય અને મિશન નેચર ફર્સ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વને પ્લાસ્ટિકમુક્ત કરવાના અભિયાન અંતર્ગત સરસ્વતી વિદ્યાય સેક્ટર-૬ના પટાંગણમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સાંસ્કૃતિક વિભાગના પૂર્વમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, વેસ્ટર્ન સીડ્સ એગ્રી.ના પ્રમુખ એન.પી. પટેલ, કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ (દાસ), જયંતિભાઈ વગાસિયા તેમજ શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત મહાનુભાવો દ્વારા છેલ્લા ૧૦૧ શનિવારથી પ્લાસ્ટિક ઉઘરાવવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

જેના અનુસંધાનમાં શનિવારે સરસ્વતી વિદ્યાલયમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકના દુરૂપયોગ અને પ્લાસ્ટિકના કારણે પર્યાવરણને પહોંચતી ગંભીર ક્ષતિ વિશે માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા સરસ્વતી વિદ્યાલય સેક્ટર-૬નું પટાંગણ અને સરસ્વતી નવરાત્રિ ચોકને પ્લાસ્ટિક મુક્ત કરવામાં આવ્યું હતું.

## એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધનૂરની રસીકરણ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળામાં ગાંધીનગર મહાનગર પાલિકા પ્રેરિત અને અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨૯ દ્વારા વિદ્યાર્થીઓ માટે ધનૂરની રસી માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૦ વર્ષની ઉંમરના ૭૦ બાળકોને રસી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપસ્થિત ડૉક્ટર, નર્સ સ્ટાફ તથા શાળાના શિક્ષકોનો ખૂબ સારો સહયોગ રહ્યો હતો.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સલગ્ન સર્વ નેતૃત્વ કાર્યક્રમની અંદર ગુજરાતના જાણીતા પત્રકાર, લેખક, વક્તા અને સમાજ સેવક એવા શ્રી રમેશભાઈ તન્નાનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં ઉપસ્થિત સૌ યુવાનોને પ્રસન્નતા પૂર્વક કેવી રીતે જીવન જીવી શકાય અને પ્રસન્ન સમાજનું નિર્માણ કેવી રીતે કરી શકાય ? એ વિશેના વિવિધ ઉદાહરણો દ્વારા સમાજમા હકારાત્મક જીવન જીવતા સમાજ નાયકોના ઉદાહરણ દ્વારા ઉપસ્થિત યુવાનોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણી ખાતે વૃક્ષારોપણ



લાખણી ખાતે આવેલા ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ. એકમના વિદ્યાર્થીઓએ ૧૦૦ જેટલાં વૃક્ષો વાવીને દત્તક લીધાં હતાં. મેરી મિટ્ટી, મેરા દેશ થીમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, આચાર્ય પ્રવિણભાઈ વજીર અને પ્રોગ્રામ ઓફિસર થાનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સેક્ટર ૩ બગીચા ખાતે સાંજ ના ૭ વાગે આશરે ત્રણ મહીનાથી દરરોજ સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન પી.એમ.પરમાર નવનવા વિષય ઉપર લગભગ કાયમ માટે ૨૦ જેટલા સિનિયર સીટીજન ભેગા થતા હતા અને તેમની વાર્તાલાપ સાંભળતા હતા તેના કારણે અડાલજ ત્રીમંદીર ખાતે તારીખ ૨૨ જુલાઈના રોજ સાંજના ૬ વાગ્યાના સુમારે બધા વડીલ મિત્રો એ દર્શન કરેલા અને ભોજનના દાતા તરીકે બાબુભાઈ નારણદાસ પટેલે બધા એટલે કે ૧૫ જેટલા સિનિયર સીટીજનોને જમાડ્યા હતા અને વક્તા તરીકે પી.એમ.પરમારને ગુજરાત બાર કાઉન્સિલના ફાઈનાન્સ કમીટીના ચેરમેન શંકરસિંહ ગોહિલ એ બુકે આપી સન્માન કર્યું હતું આ વખતે હિંમતસિંહ રાઠોડ તથા સતુભા ચાવડા તથા પ્રદીપસિંહ વાઘેલા, વિજયસિંહ ચાવડા, જનકસિંહ વાઘેલા વિગેરે હાજર રહી પ્રોગામ ને સફળ બનાવ્યો હતો.



યોગ ડિવાઈન ગ્રુપ ડિવાઈન લાઈફ સોસાયટી ગાંધીનગર દ્વારા પોળો ફોરેસ્ટના ત્રણ ગામોના આદિવાસી પરિવારને તાડપત્રી, સાડી, કપડા, ટુવાલ, ચવાણું, બિસ્કિટ, ક્રીમ રોલ વિગેરે વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## રોટરી ક્લબ ઓફ કેપીટલનો શપથવિધિ સમારોહ યોજાયો




ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ખાતે રોટરી ક્લબ ઓફ કેપીટલનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સેક્ટર-૨૪ અને સુપર કીડ્સ સેક્ટર-૨૪ને ક્લબ ઓફ કેપિટલ સાથે રહીને અનેકવિધ કાર્યક્રમમાં સહયોગ આપવા માટે ખાસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. શાળાના શિક્ષક શ્રીમતી ધ્વનિબેને રોટરી ક્લબ ઓફ કેપિટલના શ્રીમતી અમીબેન શાહના હસ્તે સન્માન બક્ષવામાં આવ્યું હતું.

## એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વેશભૂષાનું આયોજન



ગાંધીનગર, તા.૨૪

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૬ ની વિદ્યાર્થીનીઓ દ્વારા સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત સૌરમંડળ ના ગ્રહો,ઉપગ્રહો,નક્ષત્રો, વગેરે વિષય પર વેશભૂષા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સુધાબેન પટેલ તથા સતિષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ એ માર્ગદર્શન આપ્યું હતું.




દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વમાં ભારતવર્ષ જી -૨૦ ની અધ્યક્ષતા કરી રહ્યું છે. જે અંતર્ગત આજરોજ "Future of Work" વિષય અન્વયે યુથ ૨૦ ના બ્રેઈન સ્ટ્રોમિંગ સત્રના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકા મેયર હિતેશભાઈ મકવાણા એ મુખ્ય અતિથિ તરીકે ઈડી ભાટ ખાતે હાજરી આપી હતી. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે યુવાનોને આ સત્ર દ્વારા વર્તમાન પ્રવાહોની માહિતી મળશે તેમજ તેમની સ્કીલમાં વધારો થશે. જેથી તેઓ ઉદ્યોગ સાહસિક બનીને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સહભાગી બનશે. આ સત્રમાં ઈડીના જનરલ ડાયરેક્ટર સુનિલભાઈ શુકલા, પ્રોફેસર તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રીક ટુ ક્રિએટનાં સંચાલિકાનું બહુમાન




ગાંધીનગર, તા.૨૪

કુડાસણ ખાતે " હર ઘર, સ્વસ્થ ઘર " અંતર્ગત મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા " સ્વચ્છતા " વિષય ચિત્ર સ્પર્ધા તથા કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટ્રીક ટુ ક્રિએટ નાં સંચાલિકા હિરલ પંડ્યા અને યાત્રી મેવાડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને એમના વરદહસ્તે ભાગ લેનાર સ્પર્ધકોને ટ્રોફી, સર્ટિફિકેટ અને સરપ્રાઈઝ ગિફટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તથા આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરે હિરલ પંડ્યા અને યાત્રી મેવાડા ને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## જાયન્ટસ ગૃપ ગાંધીનગર દ્વારા ગરીબ બાળકોને નાસ્તાનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૪

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન તથા કેપિટલના સંયુકત આયોજનથી એચ.આઈ.વી. અસરગ્રસ્ત બાળકોને સેક્ટર-૧૯ ચિલ્ડ્રન હોમ તથા સ્લમ એરિયાના ગરીબ લોકોને સવારના નાસ્તા માટે ઉપમા, ચા, કેળાં, નાસ્તાના પેકેટ, ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાબુભાઈ પટેલ, સાંકાભાઈ પટેલ, ગાયત્રીબેન પટેલ, વિકેશ પટેલ, ગ્રુપના પ્રમુખ કૃણાલ પટેલ, સાહેલી ગ્રુપના પ્રમુખ શ્રીમતિ કોકિલાબેન, ડૉ. એ. નવિન પટેલ, શ્રીમતી પારૂલબેન પટેલ અને દિવી પટેલે હાજરી આપી હતી.

## જન્મદિને વધામણી


મિવાન ભાવેશકુમાર આગજા


અશ્વિન જે જાટીયા
સેકશન અધિકારી, સા.વ.વિભાગ,
સભ્ય, આહિર યુવા ફોરમ
ગાંધીનગર


મિતેષ માલજીભાઈ રબારી


ચીમનલાલ એમ પટેલ
મો. ૯૭૧૨૭ ૩૪૬૯૦


તૃષિલ જિજ્ઞેશકુમાર ગજ્જર


પ્રદિપકુમાર આર. સુખડીયા
મો. ૯૪૨૮૮ ૩૩૨૯૨


પ્રિન્સ પટેલ
મો. ૭૯૯૦૭ ૦૨૨૨૭


ઉમંગ રમેશભાઈ પરમાર


ચાર્વી નિમેષકુમાર પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪


હેતલ કે પ્રજાપતિ


પરમાર અમીત


મનોજ સોલંકી

## સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા મહોત્સવ



ગાંધીનગર, તા.૨૪

સાત્વિક ઋતુ તરીકે સ્થાન પામેલી ચોમાસાની શરૂઆત થાય ત્યારે પ્રકૃતિનો નિખાર સર્વોપરી સીમાએ પહોંચે છે ત્યારે વિવિધ કલાના સમન્વયથી તૈયાર કરાયેલા હિંડોળામાં ઠાકોરજીને પધરાવી ઝુલાવામાં આવે છે તે શોભા દર્શનીય હોય છે. સેક્ટર-૨૩ના સ્વામિનારાયણ મંદિરમાં અધિક શ્રાવણ સુદ-૧ મંગળવારથી હિંડોળા મહોત્સવની શરૂઆત થઈ છે. આ મંદિરમાં થતા હિંડોળા શહેરની ધર્મપ્રેમી જનતાના હૃદયમાં અનેરું આકર્ષણ ધરાવે છે. બદામકલા કૌશલ્ય, બાલલેખિની દર્શન, ફુગ્ગાની બહુવિધ શોભાના દર્શન તેમજ મોતીની કલાકૃતિના દર્શન કરી ભક્તજનો ખુબ રાજી થયા છે. નિજ શ્રાવણ વદ-૨ તા. ૧-૯-૨૦૨૩ સુધી ચાલનારા આ હિંડોળામહોત્સવના દર્શનનો લાભ લેવાનો સમય સાંજે ૫:૦૦ થી ૮:૧૫ સુધીનો રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.રાઠોડ વસુબા દશરથસિંહ ઉ.વ.૬૧, દોલારાણાવાસણા
- સ્વ.બિહોલા ઘનશ્યામજી મોહનજી ઉ.વ.૫૮, પાલજ નવા
- સ્વ.પંડ્યા સુરેશકુમાર વિષ્ણુપ્રસાદ ઉ.વ.૬૬, વાવોલ
- સ્વ.પટેલ રમણભાઈ રેવાભાઈ ઉ.વ.૭૪, ગાંધીનગર
- સ્વ.મકવાણા વિજયકુમાર ખોડાજી ઉ.વ.૨૬, બોરીયા, હરીપુરા
- સ્વ.રાવળ તુલસીબેન બળદેવભાઈ ઉ.વ.૨૦, ભોયણ રાઠોડ
- સ્વ.દંતાણી બળદેવભાઈ ગંગાભાઈ ઉ.વ.૪૨, બોરજ નવા





સહજાનંદ સ્કુલ ઓફ એચીવરમાં મોન્સુન મસ્તીની ખુબ જ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તેમાં સર્વે બાળકોએ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈને આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના શિક્ષક મિત્રો અને સંસ્થાના વડાઓએ ભાગ લીધો હતો અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.